# કાનૂની સહાય અને લોક અદાલત

## ૧. કાનૂની સહાય એટલે શું ?
સમાજના નબળા વર્ગોને વિના મૂલ્યે કાનૂની સેવા અને સહાય આપવી તેમજ ન્યાય મેળવવાની તકનો સમાન ધોરણે લાભ આપવો અને સમાન તકના ધોરણે કાનૂની પદ્ધિતિનું કાર્ય ન્યાયને ઉત્તેજન આપે તે માટે લોક અદાલતોનું આયોજન કરવું તેને કાનૂની સહાય કહી શકાય.

## ૨. કાનૂની સહાયની યોજના એટલે શું ?
ઉપર જણાવ્યા મુજબ સહાયની વિવિધ યોજનાઓને આવરી લેતો એક કાયદો જેને કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ કહે છે. તે અસ્તિત્વમાં આવેલ છે. જે અન્વયે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય વહીવટી સુમેળ સાધી કાનૂની સેવાઓની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. આમ, આ અધિનિયમ અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાએ, રાજ્ય સ્તરે, જિલ્લા સ્તરે અને તાલુકા સ્તરે ગોઠવાયેલ ન્યાયતંત્રનો ઉપયોગ કરી આ યોજનાનો અમલ કરવામાં આવે છે.

## ૩. આ યોજના હેઠળ કાનૂની સહાય કોને મળી શકે ?
કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ પ્રકરણ-૪ ની કલમ-૧૨ અન્વયે કાનૂની સેવાનો લાભ કોને મળી શકે તે વિસ્તૃત રીતે દર્શાવેલ છે. સામાન્ય રીતે કોઇ વ્યક્તિએ કોર્ટમાં કેસ દાખલ કરવો હોય અથવા પોતાનો બચાવ કરવો હોય તો તેને આ અધિનિયમ અંતર્ગત કાનૂની સેવાનો લાભ મળે છે.
અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, માનવોના ગેરકાયદે વેપારનો ભોગ બનેલ હોય, અથવા ભિખારી હોય, સ્ત્રી અથવા બાળક, માનસિક રીતે બિમાર અથવા ઔદ્યોગિક કામદાર, અનૈતિક વેપાર અધિનિયમ મુજબ સંરક્ષણ ગૃહમાં રહેતી વ્યક્તિ, કિશોર ન્યાય અધિનિયમ અન્વયે કિશોર ગૃહમાં રહેતી અથવા માનસિક આરોગ્ય અધિનિયમ અન્વયે માનસિક રોગની હોસ્પિટલ અથવા નિસર્ગ હોમમાં રહેતી વ્યક્તિ, કોઈપણ પ્રકારની પોલીસ અથવા સરકારી કસ્ટડીમાં હોય તેવી વ્યક્તિ આ લાભ વિના મૂલ્યે કાયદાની જોગવાઇ અન્વયે મેળવી શકે છે અને કોઈપણ વ્યક્તિ કે જેની વાર્ષિક આવક રૂા. ૧,૦૦,૦૦૦/- થી વધતી ન હોય તે આપણા રાજ્યમાં કાનૂની સહાય મેળવવાને પાત્ર ઠરે છે.

## ૪. આવકની મર્યાદા અંગે કોઈ અપવાદ કરવામાં આવેલ છે કેમ ?
અગાઉ જણાવ્યા મુજબ અનુસૂચિત જાતિ, જનજાતિ, સ્ત્રી, બાળકો વિગેરેને આવકની મર્યાદા નડતી નથી.

## ૫. કયા પ્રકારના કેસોમાં કાનૂની સહાય ન મળે ?
સામાન્ય રીતે નવા કાયદા અંતર્ગત કોઈપણ પ્રકારના બાધ વગર કાનૂની સહાય મળી શકે. પરંતુ વિવેકબુદ્ધિ મુજબની સમાજની બદીઓને ઉત્તેજન ના મળે તે ધ્યાનમાં રાખવામાં આવે છે.

## ૬. કાનૂની સહાય માટે ચોક્કસ માળખું ગોઠવવામાં આવેલ છે કે કેમ ?
અગાઉ જણાવ્યા મુજબ રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, રાજ્યો માટે રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, હોઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ માટે કાનૂની સેવા સમિતિઓનું જિલ્લા કક્ષાએ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળનું અને તાલુકા કક્ષાએ તાલુકા કાનૂની સેવા સમિતિઓનું વ્યવસ્થિત માળખું ગોઠવવામાં આવેલ છે. જિલ્લા અને તાલુકાની વાત કરીએ તો જિલ્લા ન્યાયાધીશ અને તાલુકા કક્ષાએ તાલુકા ન્યાયાધીશ અધ્યક્ષપદે હોય છે.

## ૭. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ અંતર્ગત સામાન્ય રીતે કેવા પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે ?
સમાજના નબળા વર્ગો માટે કાનૂની સહાય અને સલાહ અને સમાજના તમામ વર્ગો માટે કાનૂની જ્ઞાન મળી રહે તે માટે સરળ ભાષામાં કાનૂની શિક્ષણ શિબિરો, સમાધાનપૂર્વક કેસોના નિકાલ માટે લોક અદાલતોનું આયોજન, જનહિત કક્ષાના કેસો, સામાન્ય જનતાની ફરિયાદો માટે ફરિયાદ એકમો અને સમાજમાં સામાજિક ન્યાયના ક્ષેત્રે આગવું પ્રદાન ધરાવતી સંસ્થાઓની મદદથી સામાન્ય જનતાને કોર્ટમાં ગયા વગર સમાધાન દ્વારા કેસાના નિકાલ માટે સામાજિક ન્યાય કેન્દ્રો તેમજ સમાધાન પંચો દ્વારા અપાતી કાનૂની સહાય વિગેરે.

## ૮. કાનૂની સહાય મેળવવા માટે શું કાર્યવાહી કરવી પડે ?
જે વ્યક્તિને કાનૂની સહાય જોઈતી હોય. તે પોતાના જિલ્લામાં આવેલ તાલુકા કે જિલ્લા ન્યાયલયમાં આવેલ કાનૂની સેવા સમિતિ, કે કાનૂની સેવા સત્તામંડળનો સંપર્ક કરી શકે અને ત્યાંથી જે માર્ગદર્શન મળે તે મુજબ તેની કાર્યવાહી કરવાની રહે. જે વ્યક્તિને ઉચ્ચ ન્યાયાલયમાં કાનૂની સહાય જોઈતી હોય તે ઉચ્ચ ન્યાયાલયમાં આવેલ કાનૂની સેવા સમિતિનો સંપર્ક સાધી શકે અને કોઈ મુશ્કેલી હોય તે વડી અદાલતના એ સંકુલમાં આવેલ રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના સભ્ય સચિવશ્રીનો સંપર્ક કરી શકે છે.

## ૯. અરજદારની વાર્ષિક આવક અંગેની પ્રક્રિયા શું છે ?
અગાઉ જણાવ્યા મુજબ જે વ્યક્તિઓમાં જેમ કે સ્ત્રી, બાળકો વિગેરેને આ કાયદા અન્વયે કાનૂની સહાય આપવાની જોગવાઈ કરવમાં આવી છે. તેઓ કાનૂની સેવાઓ મેળવવા હક્કદાર છે. તેઓને કોઈ આવક મર્યાદા નડતી નથી. પણ જેઓ કાનૂની સહાયના એકમોનો સંપર્ક કરે તે એકમને એવી ખાત્રી થવી જોઈએ કે આવી વ્યક્તિઓને આવકની મર્યાદા લાગુ પડે છે, તે વ્યક્તિએ પોતાની આવક વિશે કરેલ સોગંદનામુ રજૂ કરે તો કાયદા અન્વયે કાનૂની સેવાઓ મેળવવા માટે લાયક બની શકે છે. સિવાય કે સંબંધિત સત્તામંડળને કે સમિતિને આવું સોગંદનામું નહીં માનવાને કારણ હોય. આમ, તેને આવકનું પ્રમાણપત્ર લાવવું જ જરૂરી નથી.

## ૧૦. કયા પ્રકારના કેસોમાં કાનૂની સહાય મળી શકે ?
સામાન્ય રીતે કોઈપણ પ્રકારના દિવાની, ફોજદારી, મહેસૂલી, મજૂર ઔદ્યોગિક અદાલત કે પંચ સમક્ષ દાખલ કરવાના થતા દાવા, ફરિયાદ, અરજી, અપીલ, રીટ, રીવીઝન અરજી અથવા તો આવા પ્રકારના અન્ય કેસોમાં કાનૂની સહાય મળી શકે છે.

## ૧૧. કાનૂની સહાયમાં કેવા પ્રકારની સહાય મળી શકે છે ?
કાનૂની સહાય સમિતિ કે સત્તામંડળ જે તે વ્યક્તિને કાયદાના નિષ્ણાંત વકીલોની પેનલમાંથી કોઈ એક વકીલ દ્વારા કાનૂની માર્ગદર્શન આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. તે વ્યક્તિને તેની મેટર કોર્ટમાં દાખલ કરવા માટેનો ટાઈપીંગ ખર્ચ તેમજ કોર્ટ ફી નો ખર્ચ તેમજ નકલ કે ખરી નકલનો જે કાંઈ ખર્ચ થાય અને વકીલ રોકવાનો જે કાંઈ ખર્ચ થાય તે કાનૂની સેવા સમિતિ કે સેવા સત્તામંડળ ભોગવે છે.

## ૧૨. લોક અદાલતનો ચુકાદો.
લોક અદાલતનો દરેક ચુકાદો દિવાની ન્યાયાલયનું હુકમનાનું અથવા યથા પ્રસંગ, બીજા કોઈ ન્યાયાલયનો હુકમ છે એમ ગણાશે કેમ કલમ-૨૦ની પેટ કલમ (૧) હેઠળ પોતાને મોકલેલ કેસમાં, લોક અદાલત સમાધાન અથવા પતાવટ ઉપર આવેલ હોય, ત્યારે આવા કેસમાં ભરેલી ન્યાયલય-ફી, ન્યાયાલય-ફી અધિનિયમ, ૧૮૭૦ હેઠળ જોગવાઈ કરેલી રીતે પરત કરવી જોઈએ. લોક અદાલતે કરેલ ચુકાદો, આખરી ગણાશે અને તકરારના તમામ પક્ષકારોને બંધનકર્તા

રહેશે અને તે ચુકાદા સામે, કોઈપણ ન્યાયલયમાં અપીલ કરી શકશે નહીં.

**૧૩. લોક અદાલતની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે માટે કોઈ યોજના કે વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ ?**

લોક અદાલતની પ્રવૃત્તિને વેગ મળે તે માટે લોક અદાલતની પ્રવૃત્તિથી સામાન્ય જનતા વાકેફ થાય તે માટે સમગ્ર રાજ્યમાં આવેલ ન્યાયતંત્રની કચેરીઓ તેમજ સરકારી ઓફિસો, એસ.ટી. બસો તેમજ એવી તમામ જગ્યાઓમાં કે જ્યાં જાહેર જનતા ઉપયોગ કરતી હોય તે તમામ સ્થળે કાનૂની સહાય અને લોક અદાલતની પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત માહિતી આપતા ચોપાનીયા લગાડવામાં આવે છે. તેમજ જે તે કોર્ટમાં આવેલ સત્તામંડળ કે સમિતિની જાહેર જનતાને તરત ધ્યાનમાં આવે તેવા બોર્ડ લગાડવામાં આવે છે. તેમજ લોક અદાલતની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ન્યાયાધીશો અને વકીલ મંડળોને સમિતિ કે સત્તામંડળને આપવામાં આવે છે.

**૧૪. લોક અદાલતની કામગીરી કેવી હોય છે ?**

લોક અદાલત યોજનાનું નક્કી થાય તેના પૂરતા સમય પહેલા જાહેરાત કરવામાં આવે છે. આ માટે બાર એસોસીએશન જરૂરી ઠરાવો પણ કરે છે. પક્ષકારોની સમતિથી તેમજ કેસો લોક અદાલતમાં મૂકવામાં આવે ત્યારે પક્ષકારોને આ બાબતની જાણ લેખિત નોટિસથી કરવામાં આવે છે. તેમને લોક અદાલતની તારીખ, સમય અને સ્થળે હાજર રહેવા સૂચના અદાલતમાં આવે છે. આવા પક્ષકારો લોક અદાલતમાં હાજર થાય ત્યારે, તેમનો કેસ સમાધાન પંચ પાસે રજૂ થાય છે. જેમાં એડવોકેટ અને ગામના સામાજિક કાર્યકરો વિગેરેનો સમાવેશ થાય છે. તેઓ પક્ષકારોને સમજાવીને તેઓની તકરારનો નિકાલ લાવવા પ્રયત્ન કરે છે અને પક્ષકારોનું તકરારનું નિરાકરણ થાય તો તે મુજબ લેખિત સમાધાન નોંધવામાં આવે છે. તે સંબંધકર્તા ન્યાયધીશશ્રી સમક્ષ રજૂ થાય છે સમાધાન ઉપર કાયદા મુજબન આદેશ ફરમાવવામાં આવતા તે રીતે કાયદા મુજબ કેસનો નિકાલ થાય છે. જેથી પક્ષકારોને અદાલતમાં આવવા-જવાનો, સાક્ષીઓ લાવવાનો ખર્ચ થતો નથી, તેમજ રીવીઝનનો ખર્ચ થતો નથી અને પક્ષકારોને અને સાક્ષીઓને ફરીથી અદાલતામાં આવવું પડતું ન હોવાથી તેમના સમયનો બચાવ થાય છે. કેસનો નિકાલ પક્ષકારોની સંમતિથી થતો હોય, પક્ષકારોના અગાઉના સંબંધો પુન:સ્થાપિત થાય છે અને તેથી ભવિષ્યમાં પણ તેઓ વચ્ચે તરકાર ઉભી ન થાય તેવા સંબંધો સંભવિત બને છે, તેને પરિણામે પરિવાર, પાડોશ, સમાજ અને ગમ કે શહેરના લોકો વચ્ચે સુલેહ અને એખલાસભર્યું વાતાવરણ ઉભું થાય છે. લોક અદાલતમાં ફેસલ થતા કેસોમાં ભરેલી કોર્ટ ફી અધિનિયમની જોગવાઈ મુજબ પરત કરવામાં આવે છે. નવા કાયદા અન્વયે લોક અદાલતમાં નિકાલ થયેલ કેસ આખરી છે.

**૧૫. કાનૂની શિક્ષણ શિબિરની માહિતી :**

કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી લોકોપયોગી કાયદાઓ કરવામાં આવે છે. પરંતુ તેની જાણ અને માહિતીના અભાવે લોકો કાયદથી નિપજતા હક્કોનો ઉપયોગ કરી શકતા નથી તેથી જુદા જુદા સ્થળોએ કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે અને તેમાં લોકોને ઉપયોગી એવા કાયદાની સમજણ તેઓ સમજી શકે તેવી ભાષામાં આપવામાં આવે છે.

**૧૬. કાનૂની સેવ સત્તામંડળ/સમિતિઓની રચના.**

અગાઉ જણાવ્યા મુજબ રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય કાનૂની સેવ સત્તામંડળની રચના થાય છે. જેમાં અધ્યક્ષપદે રાષ્ટ્રની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ હોય છે. રાજ્ય કક્ષાએ રાજ્ય કાનૂની સેવા સત્તામંડળની રચના થાય છે. જેમાં મુખ્ય સંરક્ષક (પેટ્રોન ઈન ચીફ) રાજ્યની વડી અદાલતમાં મુખ્ય ન્યાયમૂર્તિશ્રી હોય છે અને કારોબારી અધ્યક્ષ તરીકે વડી અદાલતના ચાલુ કે નિવૃત્તિ ન્યાયમૂર્તિશ્રીની નિમણુંક કરવામાં આવે છે. તે ઉપરાંત રાજ્ય સરકારનાં કાયદા મંત્રીશ્રી, નાણાં વિભાગ, ગૃહ વિભાગ, કાયદા વિભાગના સચિવશ્રીઓ, એડવોકેટ જનરલશ્રી, રાજ્ય બાર કાઉન્સીલના અધ્યક્ષ, અનુસૂચિત જાતિ, આર્થિક વિકાસ નિગમનાં અધ્યક્ષ, જિલ્લા કાનૂની સત્તા મંડળમાંથી બે અધ્યક્ષ સભ્યો તરીકે હોય છે. તેમજ પ્રખ્યાત એડવોકેટ, કાયદાના શિક્ષક કે શિક્ષણવિદ્ કે કાનૂની સેવા યોજનાના અમલીકરણમાં વ્યવસાયિક રીતે કામ કરી રસ ધરાવતી વ્યક્તિ પૈકી ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવે છે.

વડી અદાલતમાં કાનૂની સહાય સમિતિમાં વડી અદાલતનાં ન્યાયમૂર્તિશ્રી, અધ્યક્ષ તરીકે હોય છે તેમજ કાયદા વિભાગના સચિવ, એડીશનલ, ડી.જી.પી. (લૉ એન્ડ ઓર્ડર) અનુભવી ગવર્મેન્ટ પ્લીડર, પ્રેસીડેન્ટ હાઈકોર્ટ બાર, મેમ્બર ગુજરાત બાર કાઉન્સીલ સભ્ય તરીકે હોય છે. ઉપરાંત અગાઉ જણાવ્યા મુજબના વર્ગોમાંથી ચાર સભ્યો લેવાના રહે છે. જિલ્લા કક્ષાએ જિલ્લા ન્યાયધીશ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના અધ્યક્ષ હોય છે અને જિલ્લા મેજીસ્ટ્રેટ-કલેક્ટર, જિલ્લ બાર એસીસીએશનના પ્રમુખ, જિલ્લા સરકારી વકીલ, જિલ્લા પોલીસ અક્ષિક્ષક તેમજ અગાઉ જણાવ્યા મુજબના વર્ગોમાંથી ચાર સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે.

તાલુકા કાનૂની સેવા સમિતિના અધ્યક્ષ જે તે તાલુકાના ન્યાયાધીશ હોય છે અને તાલુકા બાર એસોસીએશનના પ્રમુખ, મામલતદાર ઉપરાંત અગાઉ જણાવેલ વર્ગોમાંથી ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવે છે.

## કાનૂની સહાય સેવા મેળવવા માટે સંપર્ક સાધો

| અ.નં. | કચેરીનું નામ | કોડ નં. | ઓફિસ નંબર |
|---|---|---|---|
| ૧ | ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ | ૦૭૯ | ૨૭૬૬૪૯૬૪ |
| ૨ | જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ડિસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગ, અમદાવાદ (રૂરલ) | ૦૭૯ | ૨૫૬૨૬૫૦૨ |
| ૩ | તાલુકા કાનૂની સેવા સમિતિ, અમદાવાદ (રૂરલ) | ૦૭૯ | ૨૫૬૨૬૫૮૪ |
| ૪ | તાલુકા કાનૂની સેવા સમિતિ, ધંધુકા | ૦૨૭૧૩ | ૨૨૨૨૯૯ |
| ૫ | તાલુકા કાનૂની સેવા સમિતિ, ધોળકા | ૦૨૭૧૪ | ૨૨૧૪૨૯ |
| ૬ | તાલુકા કાનૂની સેવા સમિતિ, વિરમગામ | ૦૨૭૧૫ | ૨૩૨૦૧૦ |
| ૭ | તાલુકા કાનૂની સેવા સમિતિ, સાણંદ | ૦૨૭૧૭ | ૨૨૨૧૧૧ |
| ૮ | તાલુકા કાનૂની સેવા સમિતિ, બાવળા | ૦૨૭૧૪ | ૨૩૧૦૬૨ |
| ૯ | તાલુકા કાનૂની સેવા સમિતિ, માંડલ | ૦૨૭૧૫ | ૨૫૩૯૦૦ |
| ૧૦ | તાલુકા કાનૂની સેવા સમિતિ, ધોલેરા | ૦૨૭૧૩ | ૨૩૪૨૪૪ |
| ૧૧ | તાલુકા કાનૂની સેવા સમિતિ, દેત્રોજ | ૦૨૭૧૫ | ૨૫૫૧૬૦ |

## જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ

**ડિસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગ, મિરઝાપુર, અમદાવાદ (રૂરલ) ફોન નંબર : (૦૭૯) ૨૫૬૨૬૫૦૨**

**કાનૂની સહાય હેલ્પલાઈન નંબર : ૧૫૧૦૦**